Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, સ્વનિર્ભર અભ્યાસક્રમના કો-ઓર્ડિનેટરશ્રીઓ, વહીવટી વિભાગોના વડાશ્રીઓ અને યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, ગૃહ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા જાહેરનામા ક્રમાંક: જીજી/૨૦/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા. ૨૩/૦૩/૨૦૨૦થી કોરોના વાયરસની અસરોને નિયંત્રીત કરવા ધ એપેડેમિક ડિસિઝ એક્ટ ૧૮૯૭ અને ધ ગુજરાત એપેડેમિક ડિસિઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન, ૨૦૨૦ની જોગવાઇ અન્વયે તા. ૨૩/૦૩/૨૦૨૦ મધ્યરાત્રીથી તા. ૩૧/૦૩/૨૦૨૦ મધ્યરાત્રી સુધી સમગ્ર રાજ્યમાં લોક ડાઉન જાહેર કરવામાં આવેલ હોય વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તા. ૩૧/૦૩/૨૦૨૦ સુધી બંધ રહેશે અને યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને પણ ગૃહ વિભાગના ઉપરોક્ત જાહેરનામા અન્વયે તેઓની કોલેજો બંધ રાખવા જણાવવાં આવે છે. તમામ કર્મચારીઓને મુખ્ય મથક નહી છોડવા અને યુનિવર્સિટી તથા રાજ્ય સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવતી માર્ગદર્શિકાનું અને સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

વધુમાં, તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા. ૦૮/૦૪/૨૦૨૦ દરમ્યાન શરુ થતી અને અગાઉની મોકૂફ રાખેલ તમામ પરીક્ષાઓ હાલ મોકૂફ રાખવામાં આવે છે. જેનો વિગતવાર કાર્યક્રમ હવે પછી પરીસ્થિતી નિયંત્રણમાં આવ્યા બાદ યુનિવર્સિટી વેબસાઇટ પર મૂકવામાં આવશે. જેની જાણ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ તમામ કર્મચારીઓને તથા સંબંધિત વિદ્યાર્થીઓને કરવા વિનંતી છે.

R. B. P. + 1
24-03-2020

ક્રમાંક: જન/એસ્ટા/૩૫૭૦/૨૦૨૦
તા. ૨૪/૦૩/૨૦૨૦

ઇ.ચા. કુલસચિવ

પ્રતિ,

૧. યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, સ્વનિર્ભર અભ્યાસક્રમના કો-ઓર્ડિનેટરશ્રીઓ, વહીવટી વિભાગોના વડાશ્રીઓ,
૨. યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,

...આપશ્રીના વિભાગ/કોલેજોના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને જાણ કરી ઘટતું થવા સારુ...